ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
Phone : (079) 232-58659 | Website : https://gujrera.gujarat.gov.in

ક્રમાંક : ગુજરેરા/હુકમ-૪૮

તા.૦૩/૦૫/૨૦૨૧

# હુકમ-૪૮

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ-૧૧(૧)(e) તથા ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) ( મેટર્સ રીલેટીંગ ટુ ધી રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ) રૂલ્સ, ૨૦૧૬ ના રૂલ-૧૦(D) ની જોગવાઈઓ તથા ગુજરેરાના તા.૧૫/૦૧/૨૦૧૮ ના ઓર્ડર-૫ ની સુચના મુજબ દરેક પ્રમોટરે પોતાના રજીસ્ટર્ડ પ્રોજેકટ સંબંધી નિયત વિગતો ત્રિમાસીક અહેવાલ ગુજરેરાના પોર્ટલ પર નિયત સમયમાં રજુ કરવાની રહે છે

હાલ વિશ્વવ્યાપી કોવીડ-૧૯ મહામારીની પરીસ્થીતી ને ધ્યાને લઇ ને ગુજરેરા ઓથોરીટી દ્વારા નિયમીતરીતે સમયાંતરે સરકારશ્રીની માર્ગદર્શિકા તથા વિવિધ એશોસીએશન તરફથી મળેલ રજુઆત અન્વયે રીયલ એસ્ટેટ સેક્ટરના ડેવલપમેન્ટ સંબંધી નિર્ણયો લેવામાં આવેલ છે જે અન્વયે ગુજરેરા ઓથોરીટી દ્વારા ત્રિમાસિક અહેવાલ રજુ કરવાની નિયત તારીખ નીચે મુજબ વધારવા અંગેનો નિર્ણય લેવામાં આવે છે

ત્રિમાસિક અહેવાલ રજુ કરવાની નિયત તારીખ ૦૭/૦૪/૨૦૨૧,તા.૦૭/૦૫/૨૦૨૧ તથા તા.૦૭/૦૬/૨૦૨૧ ના ભરવાના થતા ત્રિમાસિક અહેવાલ માટે અહેવાલ રજુ કરવાની સમયમર્યાદા કોઇ પણ લેટ શબમીશન ફી વગર વધારીને તા.૦૭/૦૭/૨૦૨૧ કરવામાં આવે છે જે મુજબ પ્રમોટર / બિલ્ડર / ડેવલપર્સે તેમના પ્રોજેક્ટ અંગે તેમના ગુજરાત રેરા પોર્ટલના લોગઈનમાં ઉપલબ્ધ ક્વાર્ટર તા.૦૭/૦૭/૨૦૨૧ સુધીમાં ઓનલાઇન અપલોડ કરવાનો રહેશે અને પ્રમોટરે આગામી ક્વાર્ટર તેઓના રેરા પોર્ટલ પરના લોગીનમાં ઉપલબ્ધ એક્ટીવ ડાયનેમીક રોલીંગ ક્વાર્ટર અનુસાર નિયમિત રીતે અપડેટ કરવાનુ રહેશે.

સચિવ
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર